# Public Health Foundation of India

CCEBDM Workshop - Rajkot

# ADDITIONAL CAPACITY BUILDING INITIATIVES

## PUBLIC HEALTH FOUNDATION OF INDIA

By Dr. T. K. M. Easwar

16th September 2012

# Evidence Based Diabetes Management Workshop

## Rajkot 16th September 2012

Indian Medical Association, Rajkot, Milestone Hospital, Rajkot organized a workshop under Public Health Foundation of India's ***'Certificate Course in Evidence Based Diabetes Management'*** to leading physicians in Rajkot region. The workshop was conducted by PHFI CCEBDM Senior Regional Faculty Rajkot, **Dr. T.K.M. Easwar, Diabetologist, Milestone Hospital** apprising leading physicians in the region on latest developments in the field of diabetes management.



# *Photo Gallery and Media Coverage*





સવારે મા, સાંજે...અકિલા | ૧૩ | સોમવાર તા.૧૭-૯-૨૦૧૨

# ...ર્તું ઘર ડાયાબીટીસ'...અંકુશમાં ર...

...એસોસીએશન-માઇલસ્ટોન હોસ્પીટલ દ્વારા ડાયાબીટીસ મેનેજમેન્ટ વિષે દિશાસુચક તાલી...
...ત્રકાર પરીષદમાં રાજરોગ ગણાતો ડાયાબીટીસની માહીતી આપતા ડો. ભલ્લા, ડો. મનહ...



રજવાડી

કોઇ પણ ભાવીક...





લોકસંમર્થન | સિટી ન્યૂઝ

# ડાયાબિટીસના દર્દીઓએ લોભામણી દવાઓથી બચવું: ડો.એમ. કોરવાડિયા



અબતક | તા. ૧૭-૯-૨૦૧૨, સોમવાર

# ડાયાબિટીશ ક્યારેય મટતો નથી, નિયંત્રણમાં આવે છે: ડો. કોરવાડિયા

## ડોક્ટરોને તાલીમ આપતો સેમિનાર યોજાયો: શહેરમાં ૨૦ ટકા, ગામ્યમાં ૧૧ ટકા લોકોને ડાયાબિટીસ

રાજકોટ, સોમવાર

બેઠાડુ જીવન અને બદલતી જીવન શૈલીને કારણે લોકોમાં ડાયાબિટીસનો રોગ વધી રહ્યો છે ત્યારે ઇન્ડિયન મેડીકલ એસોસીએશન, રાજકોટ અને માઇલસ્ટોન હોસ્પિટલ દ્વારા પબ્લિક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા સાથે મળીને રાજકોટના અગ્રણી ડોક્ટરો માટે ડાયાબિટીસ અંગે માહિતી' આપતા સેમિનારમાં આઇએમએના પ્રમુખ ડો. મનહર કોરવાડિયાએ જણાવ્યુ હતું કે, ડાયાબિટીસ એવો રોગ છે જે મટતો નથી પણ કંટ્રોલમાં આવે છે આથી લોકોએ લોભામણી જાહેરાતોથી છેતરાવું નહી.

આ સેમિનારનું સંચાલન ડાયાબિટીસના નિષ્ણાંત ડોક્ટર ટી.કે.એમ. ઇશ્વરે કર્યુ હતું. આ સેમિનારનો હેતુ અગ્રણી ચિકિત્સકોને ડાયાબિટીસ મેનેજમેન્ટના ક્ષેત્રમાં થયેલી નવીનતમ પ્રગતિથી જાણકાર કરવાનો હતો. આ સેમિનારમાં કુલ ૧૨૦૦ જેટલા ડોક્ટરોએ ભાગ લીધો હતો. અને રાજકોટમાં યોજાયેલા સેમિનારમાં કુલ ૨૬૦ જેટલા ડોક્ટર ઉપસ્થિત રહ્યા હતાં.

ઇન્ડિયન મેડિકલ એસોસીએશન રાજકોટના પ્રમુખ ડો. મનહર કોરવાડિયાએ જણાવ્યું કે,



ડાયાબિટિસ સંપૂર્ણ પણે મટી જતુ નથી. નિયંત્રણમાં લાવી શકાય છે. આથી ટેલિવિઝનમાં અને બીજી અનેક લોભામણી જાહેરાતોથી લોકોએ છેતરાવું નહીં.

ડો. ટી.કે.એમ. ઇશ્વરે જણાવ્યું કે, બેઠાડુ જીવન અને બદલતી જીવન શૈલીને કારણે ડાયાબિટીસના દર્દી વધી રહ્યા છે આજે શહેરમાં ૨૦ ટકા અને ગામડાઓમાં ૧૧ ટકા ડાયાબિટીસના દર્દીની સંખ્યા છે અને મોટે ભાગે ટાઇપ-૨ ના ડાયાબિટીસના દર્દી વધુ હોય છે. પત્રકાર પરિષદમાં આઇએમએના રાજકોટના પ્રમુખ ડો. મનહર કોરવાડિયા, ડો. ટી.કે.એમ. ઇશ્વર, ડો. સંદિપ ભલ્લા, ડો. કે.કે. રાણા, ડો. કિરીટ પટેલ, ડો. ભાવિન દોશી ઉપસ્થિત રહ્યા હતાં.

## રાજકોટના હાલચાલ

શહેરોમાં ૨૦ ટકા અને ગામડાઓમાં ૧૧ ટકા લોકોને ડાયાબીટીસ

# ડાયાબીટીસના રોગને અંકુશમાં લેવા ડોકટરોને અપાતી તાલીમ

રાજકોટ, રવિવાર

દેશમાં ડાયાબીટીસના રોગે માથુ ઉંચકયુ છે. એક સર્વે મુજબ શહેરોમાં ૨૦ ટકા લોકો અને ગામડામાં ૧૧ ટકા લોકો ડાયાબીટીસના રોગના ભરડામાં આવ્યા છે. આ રોગને અંકુશમાં લેવા ચાલતા અભિયાનમાં પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઈન્ડીયા (પીએચએફઆઈ) દ્વારા રાજકોટમાં ડોકટરોને તાલીમ આપવા અને નવા સંશોધન - ઈલાજથી માહિતગાર કરવા સેમિનારનું આયોજન થયુ હતું.

## ડોકટરોને તાલીમ આપી લોકોને વધુ સારી સારવાર અને જાગૃતિ કેળવવા અભિયાન

ડોકટરો થકી દર્દીઓ અને લોકોમાં જાગૃતી કેળવવા પીએચએફઆઈ દ્વારા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. રાજકોટમાં યોજાયેલા સેમિનારમાં ૨૯૦ ડોકટરોએ ભાગ લીધો હતો. સીસીઈબીડીએમના જનસ્વાસ્થ્ય વિશેષજ્ઞ અને પ્રોગ્રામ મેનેજર શ્રી સંદીપ ભલ્લાએ જણાવ્યું હતું કે અભિયાનના બીજા ચરણમાં દેશના ૧૯ રાજયો અને એક કેન્દ્રશાસિત ક્ષેત્રના ૬૫ શહેરો અને ૧૧૯ શહેરોમાં ૧૫૬૮ ડોકટરોને તાલીમ આપવામાં આવી રહી છે. દર મહિને એક વખત એમ ૧૨ મહિનામાં ૧૨ અધ્યન બાદ તાલીમાર્થી ડોકટરની પરીક્ષા લઈ સીસીઈબીડીએમનું સર્ટીફીકેટ આપવામાં આવશે. રાજકોટમાં ડો. ટી. કે. એમ. ઈશ્વરના માર્ગદર્શન હેઠળ ડોકટરોને ડાયાબીટીસ જેવા સંબંધિત આધુનિક પદ્ધતિથી સારવાર અને સંશોધનો વિશેની જાણકારી આપવા તાલીમ આપવામાં આવી રહી છે. આ સેમિનાર થકી લોકોમાં જાગૃતિ આવતા ડાયાબીટીસના ભયંકર રોગ પર કાબુ આવશે તેવી આશા વ્યકત કરાઈ હતી.